SWAMINARAYAN

Akshardham

**GANDHINAGAR**

**SAT-CHIT-ANAND WATER SHOW**

# PRESS MATTER

**Dt. 3 April, 2010**

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS) દ્વારા ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે આવેલા વિશ્વપ્રસિધ્ધ ‘સ્વામિનારાયણ અક્ષરધામ’ સંકુલમાં સમગ્ર દેશને ગૌરવ અપાવે તેવા ‘સત્-ચિત્-આનંદ’ નામના વોટર શો નું નિર્માણ કરવામાં આવ્યું છે.

તા. ૩જી એપ્રિલે સંસ્થાના વડા સંતવર્ય પ્રમુખસ્વામી મહારાજના વરદ્ હસ્તે સાંજે તેનું ઉદ્ઘાટન થયું ત્યારે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી, દેશના પ્રખર અણુ વિજ્ઞાની શ્રી આર. ચિદમ્બરમ સહિત દેશના વિવિધ ક્ષેત્રોના અનેક અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આ ‘વોટર શો’ ના નિર્દેશક એવા વિશ્વવિખ્યાત ફ્રેન્ચ ક્રિએટીવ ડિરેક્ટર ઇવ પીપા પણ ખાસ હાજર રહ્યા હતા.

ઉદ્ઘાટન સમારંભ પણ વોટર શો જેવોજ આકર્ષક રહ્યો હતો. પ્રારંભમાં સંસ્થાના બાળવૃંદે ઋષિકુમારો જેવા પરિધાનમાં વૈદિક મંત્રોનું ગાન કરીને મંગલાચરણ કર્યું હતું ત્યારબાદ સૃષ્ટિના મૂળભૂત પંચતત્ત્વ એવા પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશનું વૈદિક પૂજન મુદ્રાઓ સહ કર્યુ હતું.

પૂજય ઇશ્વરચરણ સ્વામીએ આ વોટર શોની માહિતી આપતા જણાવ્યું હતું કે, આ વોટર શોની ખાસ વિશેષતા તો એ છે કે તેમાં આપણી ભારતીય સંસ્કૃતિનો મૂળભૂત સંદેશ જે માનવીને સાચું સુખ આપે છે તેને વણી લેવામાં આવ્યો છે. તેમણે વિસ્તારથી આ શો માં વપરાયેલી સાધન-સામગ્રીનો તથા થોડી ટેકનીકલ વિશેષતાઓનો ચિતાર આપ્યો હતો. વિખ્યાત ક્રિએટીવ ડિરેક્ટર શ્રી ઇવ પીપાની નિઃસ્વાર્થ સેવાનો ઉલ્લેખ કરીને તેમણે ઇવ પીપા, તેમની ટીમ તથા સંસ્થાના સ્વયંસેવકોએ કરેલા પુરુષાર્થની પણ થોડી ઝાંખી કરાવી હતી. પોતાના વક્તવ્યનું સમાપન કરતાં તેમણે જણાવ્યું હતું કે અહીં જે વિપુલ પ્રમાણમાં જળરાશી જોવા મળે છે તે જળ અહીં આજુબાજુ ફેલાયેલી વનરાજી, વૃક્ષો અને બાગાયતમાં વપરાય છે જેથી પર્યાવરણનો હેતુ પણ સર થાય.

પોતાના સંબોધનમાં વિશ્વ પ્રસિધ્ધ ફ્રેન્ચ ક્રિએટીવ ડિરેક્ટર શ્રી ઇવ પીપાએ જણાવ્યું હતું કે, ‘આ કાર્યક્રમમાં જે ભારતીય સંદેશો છે તે માત્ર ભારત માટે નથી સમગ્ર વિશ્વ માટે છે કારણકે તેમાં BAPS ની કથા નથી કે આ અક્ષરધામ કથા નથી પ્રાચીન ભારતના ઉપનિષદની કથા છે.’ તેમણે આ કાર્યક્રમમાં સાથ આપનાર સંસ્થાના સ્વયંસેવકોની પણ પ્રશંસા કરી હતી. વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે, ‘વિશ્વમાં મેં ઘણા પ્રોજેક્ટ કર્યા છે પરંતુ પ્રમુખસ્વામીનો નિઃસ્વાર્થ પ્રેમ, તેમની સાદગી, સરળતા અને પવિત્રતા મને સ્પર્શી ગયા અને તેથીજ આવી તત્ત્વજ્ઞાનની વાતને અતિ આધુનિક ટેકનોલોજીના માધ્યમમાં ઢાળવી ખૂબજ કઠિન અને ચેલેન્જીંગ હોવા છતાં આ કાર્ય કરવાનો નિર્ધાર કર્યો અને તેને માટે નિઃસ્વાર્થ સેવા આપી મને લાગે છે પ્રમુખસ્વામીની પ્રેરણાથી અશક્ય કાર્ય પણ શક્ય બની શકે છે.’

ભારતના મોખરાના પરમાણુ વિજ્ઞાની શ્રી આર. ચિદમ્બરમે ફ્રેન્ચ ઉદ્બોધનમાં મોન્ઝીયર પીપા કરીને તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે પોતાના વ્યકતવ્યમાં જણાવ્યું હતું કે આ કથામાં જેની વાત છે એ નચિકેતા પણ વિજ્ઞાની હતો. જીવન અને મૃત્યુના રહસ્યો

જાણવા તેણે કરેલા પ્રશ્નો વિજ્ઞાનના તથ્યો જાણવાની શૈલીના તો હતાજ પણ તેનાથી આગળનું વિજ્ઞાન દર્શાવનારા પણ હતા. જ્ઞાન-વિજ્ઞાન બંનેમાં સતત પ્રયત્નો જરૂરી છે. જે સિધ્ધિ વિજ્ઞાનથી ન પમાય તે આધ્યાત્મિકતાથી પમાય છે તે સનાતન સત્ય પ્રમુખસ્વામીએ આપણે સામે કાર્યક્રમથી મૂક્યુ છે. વિશ્વને પ્રગતિ કરવી હોયતો અધ્યાત્મને સાથે રાખીને આગળ વધવું પડશે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પ્રમુખસ્વામીની પ્રશસ્તિ કરતાં જણાવ્યું હતું કે 'ઇવ પીપાએ આ અનોખું કાર્ય અહીં આવીને કર્યું છે. પશ્ચિમનો કલાકાર પૂર્વની સાંસ્કૃતિક વિરાસતને અત્યાધુનિક ટેકનોલોજીથી સજાવીને પ્રસ્તુત કરે એવું કાર્ય માત્ર પ્રમુખસ્વામી જ કરી શકે. આ શોનું નિર્માણ થઇ રહેલું તેની મને જાણ થઇ ત્યારથી મને ખાતરી હતીકે આ કાર્ય અહીં આવાનારાઓને હજારો વર્ષ પૂર્વેની આપણી સંસ્કૃતિ સાથે જોડવાનું કાર્ય કરશે.' BAPS સંસ્થાની ક્ષમતા અંગે તેમણે કહ્યું કે, 'જો કોઇ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ અભ્યાસ કરીને સંતો દ્વારા અત્યાધુનિક ટેકનોલોજીનો પ્રયોગ વૈદિક સંસ્કૃતિને ઉજાગર કરવામાં કઇ રીતે થઇ શકે તેનું તારણ કાઢીને આપણી સમક્ષ મૂકે તો આપણી જીવન જોવાની દ્રષ્ટિ બદલાઇ જાય. આપણી જીવનશૈલી બદલાઇ જાય. આ અદ્‌ભૂત કાર્યક્રમનો નવી પેઢીને ઘણો મોટો લાભ મળશે.'

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજે આશીર્વચન આપતા સ્વમુખે યમ અને નચિકેતાની સમગ્ર કથાનું સુંદર વર્ણન કરીને જણાવ્યું હતું કે, 'આમાં આવતા પ્રશ્નો માત્ર નચિકેતાના નથી. આપણા બધા માટે છે. જેને પણ સુખ જોઇએ, શાંતિ જોઇએ તેણે આ માર્ગે ચાલવું પડશે. ધન, વૈભવ, ભોગ, વિલાસ, સત્તા કે બીજા માયિક પ્રલોભનોને મૂકીને નચિકેતા આધ્યાત્મિક માર્ગે આગળ વધ્યો અને શાશ્વત સુખને પામ્યો એમ આપણે પણ આધ્યાત્મિક માર્ગે જવું પડે. આધ્યાત્મિક રસ પીવો પડે.' એમ કહેતાં સહેજ હળવાશ ભરી રીતે સ્વામીશ્રીએ કહ્યું કે 'અમે તો આ પીપા સાહેબનેય કહ્યું કે તમારું નામ બહુ સાર્થક છે. તમારું નામ પીપા છે એટલે આધ્યાત્મિક રસ પી અને બીજાને પા એવું પીપાનું કાર્ય તમે આ કાર્યક્રમથી કરી રહ્યા છો.' સ્વામીશ્રીએ વધુમાં ગુજરાતની દેશની અને સમગ્ર વિશ્વની પ્રજા સુખી થાય તેવી પ્રાર્થનાસહ આશીર્વચન આપ્યાં હતા.

સ્વામીશ્રીના આશીર્વચન બાદ પ.પૂ. ઇશ્વરચરણ સ્વામીએ એક સુંદર ગેજેટ સ્વામીશ્રી સમક્ષ ધર્યું હતું. વૈદિક ઋચાઓના ગાન સાથે જેવું સ્વામીશ્રીએ પૂજન કરીને બટન દબાવ્યું કે તરત જ પશ્ચાદ્ ભૂમાં એક સાથે અસંખ્ય ગગનચૂંબી ફુવારાઓથી 'વોટર શો' નું ઉદ્‌ઘાટન થયું. સાથે સાથે જ BAPS ના બાળવૃંદે અદ્‌ભુત નૃત્ય સાથે 'સત્-ચિત્-આનંદ' વોટર શો ના વધામણાં કર્યાં કે તુરતજ સૌને દંગ કરી દેનારો વોટર શો શરૂ થયો હતો.

'સત્-ચિત્-આનંદ' વોટર શો અત્યંત દર્શનીય બની રહે તેવી અનેક વિશેષતાઓ ધરાવે છે જેમકે જળપ્રવાહમાં વડવાનળ પ્રગટે, અગનગોળા સર્જાય, ફુવારાની જળરાશી કે ધુમ્મસ પર વિરાટ દ્રશ્યો રચાય, ધરતી પર તારા મંડળ રચાય, લેઝરથી પ્રસ્તુત થતા દ્રશ્યોમાં જીવંત પાત્રો પણ ઓત્રપ્રોત કે વિલિન થઇ જાય. આવા અનેક આશ્ચર્યો આ શો માં જોવા મળે છે. પરંતુ ખાસ વિશેષતા એ છે કે આ આધુનિક ટેક્નોલોજી કે વિજ્ઞાનના સહયોગથી આ શો દ્વારા ભારતીય સંસ્કૃતિમાં સમાયેલા ઉચ્ચ આદર્શો, મૂલ્યો અને આધ્યાત્મિકતા ને પ્રસ્તુત કરવામાં આવી રહ્યા છે. આ વોટર શો આબાલ વૃધ્ધો, અમીર-ગરીબ, કાળા-ગોરા, દેશના-વિદેશના કે કોઇપણ પ્રકારના ભેદ વગર સમસ્ત માનવજાતને સુખ અને શાંતિનો માર્ગ બતાવે છે. ભોગ વિલાસમાં સુખ માનતો માનવી તેના મોહમાંથી બહાર

આવી અનાસક્ત થાય ત્યારેજ ખરા અર્થમાં સુખ-શાંતિ-પામે છે વેદોપનિષદોમાં સમાયેલું આ આધ્યાત્મિક રહસ્ય વોટર શોના માધ્યમથી રજુ થાય છે. આ વાત સરળતાથી સમજાય તે માટે આ શો નું નિર્માણ ઉપનિષદની જ (કઠોપનિષદ) એક કથા પર જ કરવામાં આવેલ છે. કઠોપનિષદમાં બાળ નચિકેતાની કથા અત્યંત અસાધારણ છે. બાળ નચિકેતા સાક્ષાત યમને દ્વાર જઇને ઉભો રહે છે ત્યારે યમ અને નચિકેતા વચ્ચે જે સંવાદ થાય છે તેજ વિશ્વશાંતિનો ઉપાય છે. પ્રસન્ન થયેલા યમ દ્વારા પ્રાપ્ત થનાર ધન, ભોગ, વિલાસ, સત્તા, શક્તિ જેવા તમામ પ્રલોભનોને ઠુકરાવીને નચિકેતા સાચા સુખની માગણી કરે છે ત્યારે જવાબમાં બહાર આવે છે પ્રાચિન ભારતના મહાન તત્ત્વજ્ઞાનનો કે આધ્યાત્મિક રહસ્યનો સાર.

આ વોટર શોમાં ટેકનોલોજી અને વિજ્ઞાન કલાત્મકતા રજુ કરે છે. કલાનું દર્શન માનવીને આકર્ષિત કરે તે સ્વાભાવિક છે પણ એ જ આકર્ષિત માનવીને કલા જ્યારે તેનાજ સુખનો માર્ગ બતાવે ત્યારે તેનાજ સુખનો માર્ગ બતાવે ત્યારે સોનામાં સુગંધ ભળે છે.

પ્રથમવાર જ ભારતમાં વોટરશો નું નિર્માણ થયું છે તે વાત દેશ માટે ગૌરવપૂર્ણ છે. કારણકે વિશ્વના અમેરિકા, ફ્રાન્સ, જાપાન અને સિંગાપોર જેવા ચાર પાંચ દેશોમાં જ આવો બહુમાધ્યમિક વોટરશો પ્રદર્શીત થાય છે. વળી 'સત્-ચિત્-આનંદ' વોટરશો અન્ય કરતાં ઘણો જ અધિક સમયગાળાનો (૪૫ મિનિટ) છે અને આધ્યાત્મિક સંદેશ આપનારો તો કદાચ પ્રથમ જ કહી શકાય. આપણાજ દેશમાં દેશવાસીઓને આ વોટર શો જોવા મળે તે પણ સામાન્ય વાત નથી.

આ શો માં ૬૦ ફૂટ ઊંચાઇ ધરાવતો પાણીનો સ્ક્રીન રચાય છે. આ શો ૨૦૦ ફૂટ જેટલું એકથી બીજા છેડે સુધીનું અંતર આવરી લે છે. ૨૦૦૦ જેટલી લાઇટો તેને ઝગમગાવે છે. ૪૦૦૦ જેટલી નોઝલ્સ પાણીની સેરો રચે છે, ૧૦૦ વોટર પમ્પ પાણીને ઉછાળે છે, ૧૨ અગન ગોળા ફેંકતા યંત્રો સ્તબ્ધ કરી દે છે, અને ૧૦૦ ફૂટ જેવી ઊંચાઇ હાંસલ કરતો ફુવારો આનંદ વિભોર કરે છે. આ ઉપરાંત બીજી અનેક સામગ્રીનો ઉપયોગ અદ્ભૂત સંગીત અને સાઉન્ડ સિસ્ટમ સાથે રજુ થાય છે ત્યારે શરૂઆતથી અંત સુધી એવા લીન થઇ જવાય છે કે ત્યાં સુધી અન્ય જગત વિસરાઇ જાય.

અત્રે ઉલ્લેખનીય છે કે ઇવ પીપા કોઇ સામાન્ય સર્જક નથી. તેમણે પેરીસમાં ECA2 નામની કંપની સ્થાપીને વિરાટ કદના લાઇટ, સાઉન્ડ, લેઝર, જળધારા, ધુમ્મસ, સ્પેશીયલ ઇફેક્ટ્સને વિશાળ પ્રોજેક્શોનોથી સાંકળી લઇને૧૯૮૦ થી ૧૯૯૦ ના ગાળામાં જે સર્જનો ખુલ્લા ફલક પર કે વિરાટ ઇમારતો પર કર્યા તેણે વિશ્વ આખાને ચકિત કરી દીધું. દુનિયાભરમાંથી તેમને કંઇક નવું સર્જન કરી બતાવવા આમંત્રણો મળ્યા. અને ૧૯૯૦ થી આજ દિન સુધી તેમણે પાછુ વાળીને જોયું નથી. નવી નવી ટેકનોલોજી સાથે કદમ મિલાવી પોતાના નિર્માણમાં તેનો ઉપયોગ કરવો એ તેમની ખાસિયત છે. ટોયોરા પેવિલિયનમાં Aichi Expo 2005 માં 'લાઇફ ઇઝ મુવમેન્ટ' નામનો શો, એફિલ ટાવર પર મિલેનિયમ ઉજવણી વખતે પાયરોટેકનિક બેલે શો, ૧૯૯૮નો ફૂટબોલ વર્લ્ડકપની ઓપનીંગ સેરીમની શો, ૧૯૯૮માં લિસ્બન વર્લ્ડ એક્સપો-૯૮માં 'એકવામેટ્રિક્સ', ફ્રાન્સમાં 'ફ્યુચરોસ્કોપ પાર્ક' નું સર્જન તથા ૨૦૦૮માં ચીનમાં યોજાયેલા ઓલિમ્પિક રમતોત્સવના ઓપનીંગ તથા ક્લોઝીંગ સેરીમનીના મુખ્ય સર્જકોમાં સ્થાન પામી હોલિવુડના વિખ્યાત ફિલ્મ ડિરેક્ટર સાથે ખભા મિલાવી કામ કરનાર ઇવ પીપા આજે ક્રિએટીવ ડિરેક્ટર તરીકે વિશ્વમાં અજોડ મનાય છે. તેમના વિખ્યાત સર્જનોની જેમ ઘણા વિખ્યાત એવોર્ડઝ પણ તેમને મળ્યા છે.

શ્રી ઈવ પીપા પ્રમુખસ્વામી મહારાજની સાદગી, પ્રેમ અને નીતરતી સાધુતા જોઇ ખૂબ જ પ્રભાવિત છે. એક જ મુલાકાતમાં તેમણે ગાંધીનગરના અક્ષરધામ ખાતે 'વોટર શો' કરવાનો નિર્ણય લઇ લીધો. પોતાની ટેકનીકલ ટીમની સાથે પ્રમુખસ્વામી મહારાજની બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના જુદીજુદી ટેકનીકલ વિશેષજ્ઞતા ધરાવતા સમર્પિત યુવાનોને સાંકળી લઈને તેમણે 'સત્-ચિત્-આનંદ' વોટર શોને સાકાર કર્યો છે. આજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આવા સમર્પિત યુવાનો જ હવે આ શો નું સંપૂર્ણ સંચાલન કરે છે. શ્રી ઈવ પીપાની સાથે કાર્ય કરનાર યુવા ઈજનેર કલ્પેશ ભટ્ટ પોતે પણ એક સક્ષમ કલાનિર્દેશક છે. HD કેમરાથી ઉતારેલા વિડિયો શોટ્સનાં એડિટીંગમાં સંસ્થાના મલ્ટી મિડિયા વિભાગના સેવકો પ્રદીપ પંચાલ અને કુણાલ ભાવસારે ભાગ ભજવ્યા છે. તો વિપુલ વાઘેલાએ 10.2 સરાઉન્ડ સાઉન્ડ સિસ્ટમ પરાગ શાસ્ત્રીના સહયોગથી સેટ કરી છે. સાથ આપવા છેક લંડનથી પણ સંજય કારા, દિલીપ પટેલ, યતીન પટેલ જેવા અન્ય નિષ્ણાત સ્વયંસેવકોએ આવીને આ શો ના નિર્માણમાં સેવા આપી છે.

આ વોટર શો અક્ષરધામ સંકુલમાં દરરોજ સૂર્યાસ્ત પછી દર્શાવવામાં આવશે. દર સોમવારે અક્ષરધામ સંકુલ બંધ રહે છે એટલે તેની સાથે સોમવારે વોટર શો પણ બંધ રહેશે. ચોમાસામાં વાતાવરણ આધારીત રજુ થશે.

આજના ઉદ્ઘાટન સમારંભ બાદ રવિવાર તા. ૪ એપ્રિલ, ૨૦૧૦ થીજ આ વોટર શો દર્શનાર્થીઓ માણી શકશે.